**RECEIVED ON : 04- 04- 2011**

**REGISTERD ON:04- 04-2011**

**DISPOSED ON: 06- 11-2019**

**DURATION:-YEARS: MONTH: DAYS:**

**<u>સંતરામપુરના મહેરબાન એડીશ્નલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં. મુકામ.સંતરામપુર</u>**

**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં–૦૯/૨૦૧૧</u>**

**<u>આંક:–</u>**

**<u>વાદી:–</u>**

(૧) શંકરાભાઈ જગજીભાઈ ડામોર ઉ.વ.આ.૮૦,ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૧) ડામોર દેવજીભાઈ શંકરાભાઈ ડામોર ઉ.વ.૩૩ ધંધો.ખેતી રહે. બટકવાડા તા.સંતરામપુર

(૧/૨) ડામોર રમેશભાઈ શંકરાભાઈ ઉ.વ.૩૬ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર.

(૧/૩) ડામોર મગનભાઈ શંકરાભાઈ ઉ.વ.૩૫.ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર.

(૧/૪) ડામોર કલ્પેશભાઈ શંકરાભાઈ ઉ.વ.૨૮ ધંધો.ખેતી રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૫) ડામોર રતનબેન શકરાભાઈ ઉ.વ.૩૦ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૬) ડામોર જેતલબેન શકરાભાઈ ઉ.વ.૫૫ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૭) ડામોર કાળીબેન શકરાભાઈ ઉ.વ.૫૦ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૮) ડામોર અખમબેન કરાભાઈ ઉ.વ.પુખ્ત.ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૯) ડામોર શીતાબેન શકરાભાઈ ઉ.વ.પુખ્ત.ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૧/૧૦)ડામોર ભુડીબેન કરાભાઈની વિધવા ઉ.વ.પુખ્ત.ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૨) દેવજીભાઈ શકરાભાઈ ડામોર ઉ.વ.૩૩ ધંધો.ખેતી.રહે.બટકવાડા

**<u>વિરૂધ્ધ</u>**

**<u>પ્રતિવાદીઓ:-</u>**

(૧) નાનજીભાઈ ગેંદાલભાઈ ડામોર ઉ.વ.૭૫ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૨) પરથીંગભાઈ ગેંદાલભાઈ ડામોર ઉ.વ.૭૨ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૩) ભુરાભાઈ ગેંદાલભાઈ ડામોર ઉ.વ.૭૦ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર.

(૪) લાલજીભાઈ ગેંદાલભાઈ ડામોર ઉ.વ.૬૫ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર

(૫) રામસીંગભાઈ ગેંદાલભાઈ ડામોર ॥ ॥ ॥

(૬) હીરાભાઈ ગેંદાલભાઈ ડામોર ઉ.વ.૫૦ ધંધો.નોકરી .રહે.બટકવાડા તા.સંતરામપુર

(૭) સોમીબેન ગેંદાલભાઈ ડામોરની પુત્રી ઉ.વ.૪૯ ધંધો. ઘરકામ .રહેવાસી.બટકવાડા તે પ્રતાપભાઈ ગલાભાઈ ખરાડીની પત્ની. હાલ રહે.ઉખરેલી. તાલુકો.સંતરામપુર

(૮) સોમાભાઈ મોતીભાઈ ડામોર ઉ.વ.૫૫ ધંધો. ઘરકામ. રહેવાસી.બટકવાડા તા.સંતરામપુર

(૯) કમજીભાઈ મોતીભાઈ ડામોર ઉ.વ.૫૦ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર.

(૧૦) લાલસીંગભાઈ મોતીભાઈ ડામોર ઉ.વ.૪૫ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર.

(૧૧) વલમભાઈ મોતીભાઈ ડામોર ઉ.વ.૩૮ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર.

(૧૨) શાંતાબેન મોતીભાઈ ડામોરની પુત્રી ઉ.વ.૩૫ ધંધો.ખેતી.રહે.બટકવાડા તા.સંતરામપુર તે ખેમાભાઈ કટારાની પત્ની. હાલ રહે.મોટીરેલ(પુર્વ) તા.ફતેપુરા જી.દાહોદ.

(૧૩) હળકુબેન મોતીભાઈ ડામોરની પુત્રી.ઉ.વ.૩૪ ધંધો.ખેતી.રહે.નાના સરણૈયા તે ઝવરાભાઈ લેંબા ડામોરની પત્ની તા.ફતેપુરા જી.દાહોદ.

(૧૪) કાંતાબેન મોતીભાઈ ડામોરની પુત્રી ઉ.વ.૪૮ ધંધો.ઘરકામ રહે.બટકવાડા તા.સંતરામપુર તે અંબાલાલ ચૌધરી(પટેલ)ની પત્ની હાલ રહે.ઈટાદરા તા.માણસા

**<u>દાવો વહેંચણી અને અલગ અલગ કબજા માટે તથા ડેકલેરેશન માટે દાવો રૂા.૩૪૦/ના આંકથી.</u>**

**<u>વાદીઓ તરફે વિ.વકીલશ્રી.કે.આર.સીસોદીયા.</u>**

**<u>પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી.એસ.વી.પટેલ.</u>**

**<u>::- ઠ રા વ:-</u>**

વાદીના દાવાની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

**(૧)** વાદી તથા વાદી નં.૧ ના વારસો તથા પ્રતિવાદીઓ એકજ કુંટુંબના છીએ વાદી નં.૧ વયો વૃધ્ધ થયેલ હોઈ વાદીના પુત્ર વાદી નં.ર દાવાવાળી જમીનોમાં ખેતી સંભાળે છે.જેમાં પેઢીનામા મુજબ વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૧૪ ના ભત્રીજા તથા ભત્રીજીઓ થાય છે.મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાની મોજે બટકવાડા ગામે વાદી તથા પ્રતિવાદીઓ સંયુકત કબજા ભોગવટા મુજબ (૧)સ.નં.૩૬૮/ર,ક્ષેત્રફળ ૧.૭૦.ર૪ આકાર જુ.ડી.૧.૭૫,(ર)૩૬૯ ક્ષેત્રફળ,

૧.૭૬.૦૪,આકાર જુ.ડી.૧.૭૫ (૩) ૫૦૫ ક્ષેત્રફળ ૦.૩૨.૪૭ આકાર જુ.ડી.૧.૫૦ (૪) ૭૦૩ ૦.૮૬.૦૦,આકાર રૂા.૧.૧૯ આ તમામ સરવે નંબરોની જમીન વાદી/પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની વડીલોપાર્જીત મિલ્કત છે.તેમાં દરેકમાં જગજી સવજી ડામોરના ત્રણે વારસોનો સરખે સરખો હકક લાગે છે તેમ છતા પ્રતિવાદીઓ આ તમામ જમીન તેઓ એકલા કબજો કરી પચાવવા માંગે છે.વધુમા વાદીઓ જણાવે છે ક,વાદીને તથા પ્રતિવાદીઓના પિતા ગેંદાલ જગજી તથા મોતી જગજીનાઓનો વાદીના પિતા જગજી સવજી ગુજરવાથી નોંધ નં.૧૪૫ થી નામ દાખલ થયેલ છે.જયારે પ્રતિવાદી નં.૧ થી ૭ ના નામ તમામ ગેંદાલ જગજી ગુજરી જવાથી વારસાઈ નોંધ નં.૧૮૦૦ થી દાખલ થયેલા છે.જયારે પ્રતિવાદી નં.૮ થી ૧૪ના નામ મોતી જગજી ગુજરી જવાથી નોંધ નં.૧૬૧૯ થી વારસાઈ હકકે દાખલ થયેલા છે.જયારે આ કામે ૭/૧૨ ની નકલમાં રામલીબેન મોતીભાઈના નામ ચાલે છે.પરંતુ તેઓ ગુજરી ગયેલ હોઈ પક્ષકાર તરીકે જોડેલા નથી. મોજે બટકવાડા ગામે આવેલ દાવાવાળા સર્વે નંબરોની હદપાળી આ મુજબ છે.**રે.સ.નં.૩૬૮/૨** ની હદપાળી,પુર્વે.સોમાભાઈ રામજીભાઈની જમીન,પશ્ચિમ.રોડ,ઉત્તર.સ.નં.૩૬૯ની જમીન. દક્ષિણે. સવીતાબેનની જમીને હદ.**સ.નં.૩૬૯** ની હદપાળી,પુર્વે.ખરાબાની જમીન.પશ્ચિમ.રોડ ઉત્તર.નાથા રંગાની જમીન.દક્ષિણ.૩૬૮/૨ ની જમીન.**સરવે નં.૫૦૫** ની હદપાળી,પુર્વે.નાથા રંગા ખડીયાની જમીન.પશ્ચિમ.રોડ ઉત્તર.હીરા વાલજીની જમીને હદ.દક્ષિણ.પડતર. **સ.નં. ૭૦૩** ની હદપાળી.પુર્વે.સ.નં.૪૭૧ પૈકી જમીન.પશ્ચિમ.સ.નં.૭૭૫ ની જમીન.ઉત્તર.નાથા રંગાની જમીન.દક્ષિણ.સ.નં.૫૧૨ ની જમીન.આ રીતે ચાર દિશાના ખુંટ વચ્ચેની જમીન આવેલ છે.જેને દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.સદર દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડ માં સંયુકતમ નામે ચાલે છે.માટે તે જમીનનું અરસ નરસ પાર્ટીશન થયુ નથી.તેથી રેવન્યુ રેકર્ડમાં પાર્ટીશન કરાવવા તથા અલગ અલગ ભાગ ન્યાયને ખાત જરૂર હોઈ વહેંચણીનો દાવો કરવાની જરૂર પડી છે.સદર જમીનમાં વાદીઓ તથા પ્રતિવાદીઓના સંયુકત રીતે ખેતી કરે છે.જેથી આ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન એક સાથે રહેવા માંગતા નથી તેથી પ્રતિવાદીઓ દાવાવાળી નીમ ભાગે જમીનના ભાગ કરવા ઘણી વિનંતિ કરવા છતા સમંત થતા નથી.અને તેઓ એકલા જ તમામ જમીન પચાવી પાડવા માંગે છે.જેથી હાલનો દાવો કરી દાદ માંગવામાં આવેલ છે કે, દાવાવાળી અરજીના પેરા-૪માં જણાવેલ ખુંટ વર્ણનવાળી ગામ મોજે બટકવાડા ગામની સીમના સ.નં.૩૬૮/૨,ક્ષેત્રફળ ૧.૭૦.૨૪ આકાર જુ.ડી.૧.૭૫,(૨) રે.સ.નં.૩૬૯ ક્ષેત્રફળ,૧.૭૬. ૦૪,આકાર જુ.ડી.૧.૭૫ (૩) રે.સ.નં.૫૦૫ ક્ષેત્રફળ ૦.૩૨.૪૭ આકાર જુ.ડી.૧.૫૦ (૪) રે.સ.નં. ૭૦૩ ૦.૮૬.૦૦ ,આકાર રૂા.૧.૧૯ વાળી જમીનોમાં વાદીનો ૧/૩ ભાગ તથા પ્રતિ વાદીઓનો ૧/૩ ભાગ છે તે પ્રમાણેનું હુકમનામું કરી જમીનોની અરસ નરસ વહેંચણી તથા રેવન્યુ રેકર્ડમાં અલગ અલગ ભાગ પાડવા કલેકટરશ્રીને યોગ્ય હુકમ કરવા જરૂરી હુકમનામું કરવા તથા સદરહું જમીનના નીમ ભાગ ૧/૩ સરખે ભાગ કરી આપે તેમાં વાદીઓને ખેતીકામ કરતા પાક લેતા રોકે રોકાવે નહી તેવુ જાહેર કરવા તથા બીજી યોગ્ય લાગે તે તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨)** ઉપરોકત દાવો દાખલ થતા પ્રતિવાદીઓને મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ અરજન્ટ શો કોઝ નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી જતા તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક.૨૭ થી વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ આપી વાદીઓની મનાઈ અરજી તથા દાવા અરજીનો ઈન્કાર કરી જણાવેલ છે કે,વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે.દાવાવાળી જમીનોની વહેંચણી જગજીભાઈ સવજીભાઈએ તેમની હયાતીમાં આશરે ૬૦–૭૦ વરસ પહેલા કરી દીધેલ હોવાથી વહેંચણી માટે કરેલ હાલના દાવાને લીમીટેશનનો બાધ નડે છે. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાટીઝનો બાધ નડે છે કારણ કે દાવાવાળી જમીનો જગજી ભાઈ સવજીભાઈ ડામોરની છે.આથી જગજીભાઈ સવજીભાઈ ડામોરની પુત્રીઓના વારસોને પક્ષકાર તરીકે જોડેલા નથી.આથી વડીલોપાર્જીત જમીનોની વહેંચણીનો દાવો જરૂરી અને આવશ્યક હિત સંબંધક પક્ષકારોની ગેરહાજરીમાં ચાલી શકે નહી.દાવા અરજીમાં જણાવેલ પેઢીનામું ખોટુ છે.દાવાવાળી જમીન વડીલોપાર્જીત જમીનોના અસ્તિત્વ અંગે તકરાર નથી.પરંતુ સદર જમીનો માત્ર રેકર્ડે સંયુકત નામે ચાલે છે અને વગડે થયેલ વહેંચણી મુજબ અલગ અલગ આવેલ છે.વળી ત્રણ સરખા હિસ્સા આવેલાની વાત ખોટી છે.દાવાવાળી જમીનો વારસાઈ હકથી પક્ષકારોના નામે દાખલ થયેલાની વાત ખરી છે પરંતુ તમામ વારસોના નામ દાખલ થયેલ નથી.દાવાવાળી જમીનોની હદપાળી વાદીએ દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવી જોઈએ. દાવાવાળી જમીનનોનું સરસ નરસ મુજબ પાર્ટીશન ન થયાની હકીકત ખોટી છે.ખરી હકીકત એવી છે કે પક્ષકારોના પુર્વન દાદા જગજીભાઈ સવજીભાઈને બે પત્નીઓ હતી તેમાં પ્રથમ પત્ની નામે બાબરીબેનથી ગેંદાલભાઈ(પુત્ર) અને જુમલીબેન(પુત્રી) બે સંતાનો હતા.પરંતુ જગજીભાઈ સવજીભાઈએ લખીબેન સાથે બીજુ લગ્ન કરેલુ.બીજા લગ્ન જીવનથી જગજીભાઈ અને લખીબેન થી મોતીભાઈ (પુત્ર) અને ચંપાબેન(પુત્રી) તથા શંકરભાઈ (પુત્ર) એમ ત્રણ સંતાનો થયેલા. દાવાવાળી જમીનો માટે જગજીભાઈ સવજીભાઈના વારસો વચ્ચે ભવિષ્યમાં વિવાદ ન થાય તેમાટે જગજીભાઈ સવજીભાઈએ તેમની હયાતીમાં તેમની બંને પત્નીઓને સરખે હીસ્સે દાવાવાળી જમીનો વહેંચી આપેલી તેમાં અડધા ભાગનો કબજો પ્રથમ પત્ની બાબરીબેન અને તેના પુત્ર ગેંદાલભાઈને સોંપેલો.આમ દાવાવાળી જમીનનું વિભાજન આશરે ૬૦–૭૦ વરસ પહેલા થયેલુ છે.તેમના આદીવાસી સમાજમાં જેટલી પત્નીઓ હોય તેટલા ભાગ પાડવાની રૂઢિ અને રિવાજ છે. આથી દાવાવાળી જમીનના બે ભાગ પડેલા છે.અને દરેકના ભાગે આવેલ જમીનમાં પોતપોતાના મકાનો ઘણા વરસોથી આવેલ છે.દાવાવાળી જમીનોનું ઘણા વરસોથી પાર્ટીશન થઈ ગયેલ હોવાથી હવે પાર્ટીશન કરવાનો કે તે માટે હાલનો દાવો કરવાનો વાદીને હકક અધિકાર નથી.આમ વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

**(૩)** ત્યારબાદ પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદર દાવાના ન્યાયિક નિર્ણય અર્થે આંક.૨૬ થી નીચે મુજબ મુદા ઈસ્યુ કરેલ છે.

**(૧)** શું વાદીઓ સાબિત કરે છે કે મોજે બટકવાડા તા.સંતરામપુરના રે.સ.નં.૩૬૮/

૨,૩૬૯,૫૦૫,૭૦૩ વાળી જમીનો વાદીઓ પ્રતિવાદીઓની સંયુકત માલીકીની આવેલ છે?

(૨) શું વાદીઓ સાબિત કરે છે કે,દાવાવાળી જમીનો સ્થળ ઉપર –૬૦–૭૦ વર્ષ પહેલા વહેંચણી થઈ ગયેલ છે?

(૩) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે,આદિવાસી સમાજમાં જેટલી પત્નીઓ હોય તેટલા રૂઢિ અને રીવાજ પ્રમાણે જમીનના ભાગ પડે છે?

(૪) દાવાને સમય મર્યાદાનો બાદ છે?

(૫) શું દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાદ છે?

(૬) શું વાદીઓ દાવા અરજીના પેરા–૮માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ અને હુકમનામું ?

(૪) ત્યારબાદ વાદીઓ તરફે રજુ થયેલા મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**<u>વાદીઓ તરફે રજુ કરવામાં આવેલા મૌખિક પુરાવા</u>**

| અ.નં | સાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી,દેવજીભાઈ શંકરભાઈ ડામોરની સોંગદ ઉપરના પુરાવાની એફીડેવિટ. | ૩૩ |
| ૨ | વાદી તરફેના સાહેદ,લાડુભાઈ વીરાભાઈ ડામોરની સોંગદ ઉપરની પુરાવાની એફીડેવિટ. | ૭૬ |

**<u>વાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં | દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૦૧ | મોજે બટકવાડા ગામના ખાતા નં.૨૮ ,–૮અ ની ખરી નકલ. | ૩૮ |
| ૦૨ | મોજે બટકવાડા ગામના સ.નં.૩૬૮/૨, ની ૭ ની ખરી નકલ. | ૩૯ |
| ૦૩ | મોજે બટકવાડા ગામના સ.નં.૩૬૯, ની ૭ ની ખરી નકલ. | ૪૦ |
| ૦૪ | મોજે બટકવાડા ગામના સ.નં.૫૦૫ ની ૭ ની ખરી નકલ. | ૪૧ |
| ૦૫ | મોજે બટકવાડા ગામના સ.નં.૭૦૩ ની ૭ ની ખરી નકલ. | ૪૨ |
| ૦૬ | મોજે બટકવાડા ગામના નમુના નં.૬ના હકક પત્રકની નોંધ નં.૧૯૬૨, તા.૦૮/૦૨/૨૦૧૨ વારસાઈની નોંધ અસલ. | ૪૩ |
| ૦૭ | મોજે બટકવાડા ગામના નમુના નં.૬ના હકક પત્રકની નોંધ નં.૧૪૨ થી ૧૪૬ | ૪૪ થી ૪૫ |

| | | |
|---|---|---|
| | તથા ૧૬૧૮,૧૬૧૯ ની નોંધ અસલ. | |
| ૦૮ | મોજે બટકવાડા ગામના નમુના નં.૬ના હકક પત્રકની નોંધ નં.૧૮૦૦ વારસાઈની નોંધ અસલ. | ૪૬ |

ત્યારબાદ વાદી તરફે .આંક.૮૦ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરી પુરાવો બંધ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

(૫) ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે રજુ થયેલા મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**<u>પ્રતિવાદીઓ તરફે રજુ કરવામાં આવેલા મૌખિક પુરાવા</u>**

| **અ.નં** | **સાહેદોના નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.પ હીરાભાઈ ગેંદાલભાઈ ડામોરની પુરાવાની એફીડેવિટ. | ૮૭ |
| ૨ | પ્રતિવાદી તરફેના સાહેદ,કાળુભાઈ માનજીભાઈ ડામોરની સોંગદ ઉપરની પુરાવાની એફીડેવિટ. | ૯૨ |
| ૩ | પ્રતિવાદી તરફે સાહેદ,પારસીંગ બદજી ડામોરની પુરાવાની એફીડેવિટ. | ૯૬ |

**<u>પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u>**

| **અ.નં** | **દસ્તાવેજી પુરાવા** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ડામોર જગજીભાઈ સવજીભાઈનું પેઢીનામું અસલ. | ૯૧ |

ત્યારબાદ પ્રતિવાદી તરફે .આંક.૯૭ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરી પુરાવો બંધ કરેલ હોવાનુ જાહેર કરેલ છે.

(૬) સદર કામે વાદીના વિ.વકીલશ્રી આંક.૯૮ થી લેખિત દલીલો રજુ કરેલ છે.તેમજ પ્રતિ વાદીઓ તરફે આંક.૯૯ થી લેખિત દલીલો દલીલો રજુ કરેલ છે જે ઘ્યાને લીધેલ છે.તથા પ્રતિવાદીઓ તરફે પોતાની દલીલોના સમર્થનમાં નામદાર મદ્રાસ હાઈકોર્ટની ઓથોરીટી રજુ કરેલ છે.જે ઘ્યાને લેવામાં આવેલ છે.

(૭) ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચે મુજબ આવેલ છે.

**(૧) હકારમાં.**

**(૨) હકારમાં.**

**(૩) હકારમાં.**

**(૪) હકારમાં.**

**(૫) હકારમાં.**

**(૬) હકારમાં.**

**(૭) આખરી હુકમ મુજબ.**

**ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.**

**::- કા ર ણો-::**

**મુદા નં.૧ની ચર્ચા**

(૮) આ કામે વાદીઓએ પોતાનો દાવો પુરવાર કરવા માટે આંક.૩૩ થી વાદી,દેવજીભાઈ શંકરાભાઈએ સોંગદ ઉપર પુરાવાની એફીડેવિટ રજુ કરી આંક.૧ ની દાવા અરજી તથા મનાઈ અરજીને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે અને વધુમાં એવી હકીકત જણાવેલ છે કે,વાદીની દાવાની હકીકત ખરી અને બરાબર છે.આ કામના પ્રતિવાદીઓએ જવાબ આપેલ છે તે હકીકત તદન ખોટી હોઈ કબુલ નથી.વાદીઓની હકીકત એ છે કે,વાદી તથા વાદી નં.૧ ના વારસો તથા પ્રતિવાદીઓ એકજ કુંટુંબના છીએ વાદી નં.૧ વયો વૃધ્ધ થયેલ હોઈ વાદીના પુત્ર વાદી નં.૨ દાવાવાળી જમીનોમાં ખેતી સંભાળે છે.જેમાં પેઢીનામા મુજબ વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૧૪ ના ભત્રીજા તથા ભત્રીજીઓ થાય છે.મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાની મોજે બટકવાડા ગામે વાદી તથા પ્રતિવાદીઓ સંયુકત કબજા ભોગવટા મુજબ (૧)સ.નં.૩૬૮/૨,ક્ષેત્રફળ ૧.૭૦.૨૪ આકાર જુ.ડી.૧.૭૫,(૨)૩૬૯ ક્ષેત્રફળ, ૧.૭૬.૦૪,આકાર જુ.ડી.૧.૭૫ (૩) ૫૦૫ ક્ષેત્રફળ ૦.૩૨.૪૭ આકાર જુ.ડી.૧.૫૦ (૪) ૭૦૩,૦.૮૬.૦૦,આકાર રૂા.૧.૧૯ આ તમામ સરવે નંબરોની જમીન વાદી/પ્રતિવાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની વડીલોપાર્જીત મિલ્કત છે.તેમાં દરેકમાં જગજી સવજી ડામોરના ત્રણે વારસોનો સરખે સરખો હકક લાગે છે તેમ છતા પ્રતિવાદીઓ આ તમામ જમીન તેઓ એકલા કબજો કરી પચાવવા માંગે છે.વધુમા વાદીઓ જણાવે છે કે,વાદીને તથા પ્રતિવાદીઓના પિતા ગેંદાલ જગજી તથા મોતી જગજીનાઓનો વાદીના પિતા જગજી સવજી ગુજરવાથી વારસાઈ નોંધ નં.૧૪૫ થી નામ દાખલ થયેલ છે.જયારે પ્રતિવાદી નં.૧ થી ૭ ના નામ તમામ ગેંદાલ જગજી ગુજરી જવાથી વારસાઈ નોંધ નં.૧૮૦૦ થી દાખલ થયેલા છે.જેની નકલ આ કામે **આંક.૪૬** થી રજુ છે.જયારે પ્રતિવાદી નં.૮ થી ૧૪ના નામ મોતી જગજી ગુજરી જવાથી નોંધ નં.૧૬૧૯ થી વારસાઈ હકકે દાખલ થયેલા છે.જયારે આ કામે ૭/૧૨ ની નકલમાં રામલીબેન મોતીભાઈના નામ ચાલે છે.પરંતુ તેઓ ગુજરી ગયેલ હોઈ પક્ષકાર તરીકે જોડેલા નથી.જયારે વાદી નં.૧ના પિતા શંકરા જગજી ગુજરી જતા વારસાઈ નોંધ નં.૧૯૬૨ પડેલ છે જે આ કામે **આંક.૪૩** થી રજુ છે. મોજે બટકવાડા ગામે આવેલ

દાવાવાળા સર્વે નંબરોની હદપાળી આ મુજબ છે.**રે.સ.નં.૩૬૮/૨** ની હદપાળી,પુર્વે.સોમાભાઈ રામજીભાઈની જમીન,પશ્ચિમ.રોડ,ઉત્તર.સ.નં.૩૬૯ની જમીન. દક્ષિણે. સવીતાબેનની જમીને હદ.**સ.નં.૩૬૯** ની હદપાળી,પુર્વે.ખરાબાની જમીન.પશ્ચિમ.રોડ ઉત્તર.નાથા રંગાની જમીન. દક્ષિણ.૩૬૮/૨ ની જમીન.**સરવે નં.૫૦૫** ની હદપાળી,પુર્વે.નાથા રંગા ખડીયાની જમીન. પશ્ચિમ.રોડ ઉત્તર.હીરા વાલજીની જમીને હદ.દક્ષિણ.પડતર. **સ.નં. ૭૦૩** ની હદપાળી. પુર્વે.સ.નં.૪૪૧ પૈકી જમીન.પશ્ચિમ.સ.નં.૭૭૫ ની જમીન.ઉત્તર.નાથા રંગાની જમીન. દક્ષિણ.સ.નં.૫૧૨ ની જમીન.આ રીતે ચાર દિશાના ખુંટ વચ્ચેની જમીન આવેલ છે.જેને દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.સદર દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડ માં સંયુકતમ નામે ચાલે છે.માટે તે જમીનનું અરસ નરસ પાર્ટીશન થયુ નથી.તેથી રેવન્યુ રેકર્ડમાં પાર્ટીશન કરાવવા તથા અલગ અલગ ભાગ ન્યાયને ખાત જરૂર હોઈ વહેંચણીનો દાવો કરવાની જરૂર પડી છે.સદર જમીનમાં વાદીઓ તથા પ્રતિવાદીઓના સંયુકત રીતે ખેતી કરે છે.જેથી આ પ્રતિવાદીઓ દાવાવાળી જમીન એક સાથે રહેવા માંગતા નથી તેથી પ્રતિવાદીઓ દાવાવાળી નીમ ભાગે જમીનના ભાગ કરવા ઘણી વિનંતિ કરવા છતા સમંત થતા નથી.અને તેઓ એકલા જ તમામ જમીન પચાવી પાડવા માંગે છે.જેથી હાલનો દાવો કરી દાદ માંગવામાં આવેલ છે કે, દાવાવાળી અરજીના પેરા-જમાં જણાવેલ ખુંટ વર્ણનવાળી ગામ મોજે બટકવાડા ગામની સીમના સ.નં.૩૬૮/૨,ક્ષેત્રફળ ૧.૭૦.૨૪ આકાર જુ.ડી.૧.૭૫,(૨) રે.સ.નં.૩૬૯ ક્ષેત્રફળ,૧.૭૬. ૦૪,આકાર જુ.ડી.૧.૭૫ (૩) રે.સ.નં.૫૦૫ ક્ષેત્રફળ ૦.૩૨.૪૭ આકાર જુ.ડી.૧.૫૦ (૪) રે.સ.નં. ૭૦૩ ૦.૮૬.૦૦ ,આકાર રૂા.૧.૧૯ વાળી જમીનોમાં વાદીનો ૧/૩ ભાગ તથા પ્રતિ વાદીઓનો ૧/૩ ભાગ છે તે પ્રમાણેનું હુકમનામું કરી જમીનોની અરસ નરસ વહેંચણી તથા રેવન્યુ રેકર્ડમાં અલગ અલગ ભાગ પાડવા કલેકટરશ્રીને યોગ્ય હુકમ કરવા જરૂરી હુકમનામું કરવા તથા સદરહું જમીનના નીમ ભાગ ૧/૩ સરખે ભાગ કરી આપે તેમાં વાદીઓને ખેતીકામ કરતા પાક લેતા રોકે રોકાવે નહી તેવુ જાહેર કરવા તથા બીજી યોગ્ય લાગે તે તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

વાદી નં.૧/૧ની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે,દાવાના વાદીઓ અલગ અલગ છે.હું ધોરણ-૯ સુધી ભણેલ છે.મારી ઉંમર ૩૫ વર્ષની છે.એ વાત ખરી છે કે દાદા જગજીભાઈ સવજીભાઈ ડામોરને મે જોયેલ નથી.દાવાવાળી જમીન દાદા જગજીભાઈ સવજીભાઈએ વસાવેલ હતી.એ વાત ખરી છે કે દાદા જગજીભાઈ સવજી ભાઈએ જમીનો અંગે શું વહીવટ કરેલ તેની મને ખબર નથી.એ વાતની મને ખબર નથી કે દાદા જગજીભાઈને બે પત્ની બાબરીબેન અને લખીબેન હતુ.એ વાત ખરી છે કે,ગેંદાલભાઈ જગજીભાઈ મારા કાકા થાય છે તેઓને ઓળખુ છું.એ વાતની મને ખબર નથી કે ગેંદાલભાઈ જગજીભાઈની કઈ પત્નીના સંતાન હતા.એ વાત ખરી છે કે લખીબેન જગજીભાઈ મારા દાદી થતા હતા લખીબેન જગજીભાઈને એક છોકરી ચંપાબેન,બીજી છોકરીને સીમલીયા પરણાવેલ હતી તેનું નામ હાલ યાદ નથી.અને લખીબેને ત્રણ પુત્રો ગેંદાલભાઈ,મોતીભાઈ અને શંકરાભાઈ હતા.એ વાતની મને ખબર

નથી કે ગેદાલભાઈ લખીબેનના પુત્ર છે કે કેમ?એ વાત ખરી છે કે જગજીભાઈને પુત્રી જુમલીબેન હતી તેને સીમલીયા ગામે પરણાવેલ હતી તેઓ મરણ ગયેલ છે.એ વાતની મને ખબર નથી કે જગજીભાઈએ તેમની બંને પત્નીઓએ તેમની જમીન સરખે ભાગે વહેંચી આપેલ હતી.જગજીભાઈ એ અડધી જમીન બાબરીબેનને અને અડધી જમીન જુમલીબેનને વહેંચી આપેલ.એ વાત ખરી નથી કે બાબરીબેનના ભાગે આવેલ જમીન તેમના પુત્ર ગેંદાલભાઈ ખેડતા અને ગેંદાલભાઈ મરણ જતા તેમના પુત્રો ખેડે છે.વધુમાં વાદી તેમની ઉલટ તપાસમાં જણાવે છેકે એ વાત ખરી નથી કે ગેંદાલ ભાઈના પુત્રો અલગ અલગ ભાગ પ્રમાણે ખેતી કરે છે.એ વાત ખરી છેકે ગેંદાલભાઈના છોકરાઓ ના ઘર અલગ અલગ છે.એ વાત ખરી નથી કે લખીબેન દાદીના ભાગે આવેલ જમીન શંકરાભાઈ જગજીભાઈ અને મોતીભાઈ જગજીભાઈ ખેડે છે.એ વાત ખરી નથી કે શંકરાભાઈ જગજીભાઈ અને મોતીભાઈ જગજભાઈના પુત્રોએ તેમના ભાગની જમીન ભાગ પાડી અલગ ખેડે છે.એ વાત ખરી છે કે મોતીભાઈ જગજીભાઈના છોકરાઓના ઘર અલગ અલગ છે.એ વાત ખરી છે કે,ગેંદાલ જગજી ,શંકરા જગજી અને મોતી જગજીના વારસોના રેશન કાર્ડ અલગ અલગ છે.એ વાત ખરી નથી કે સ્ટેટ વખતે જેટલી પત્નીઓ હોય તેટલા ભાગ પડતા હતા.એ વાત ખરી નથી કે જગજીભાઈ સવજી ભાઈએ તેમની બે પત્નીઓને બે સરખા ભાગ પાડી દીધલ હોય જમીનોના ભાગ પાડવાના કહેતા નથી.એ વાત ખરી નથી કે જમીનની વહેંચણી કરવાની રહેતી ન હોવા છતાં ખોટો દાવો કરી ખોટી જુબાની આપુ છું.

(૦૯) વાદી તરફેના સાહેદ નં.૨,લાડુભાઈ વીરાભાઈ ડામોરે આંક.૭૬ થી પુરાવાની એફીડેવિટ રજુ કરી જણાવેલ છે કે,બટકવાડા ગામે આવેલા સરવે નંબરો ૩૬૮/૨,૩૬૯,૫૦૫ ૭૦૩ તેઓએ જોયેલા છે.ઉપરોકત જમીનોમાં હાલના વાદી દેવજીભાઈ તથા પ્રતિવાદી નાનજી ભાઈ ગેંદાલભાઈ ડામોર વિગેરેની સંયુકત ખાતાની જમીન આવેલ છે.વર્ષો ઉપરાંતથી વાદી તથા પ્રતિવાદી વિગેરે સંચકત હકકે સ્થળ ઉપર ખેડે છે અને તે મુજબ બંને પક્ષકારોનો સ્થળ ઉપર વર્ષોથી ખેતી કરતા આવેલા હોઈ તેઓનો કબજો ભોગવટો છે.જે હકીકત તેઓ ગામના હોઈ તેમજ તેમના ખેતરો પણ તે જ ગામમમાં આવેલા હોઈ તે હકીકત જાણીએ છીએ જે ખરી અને બરાબર છે. તેઓનો સરખો હીસ્સે રેવન્યુ રેકર્ડે કોઈ ભાગ પડેલા નથી જેથી વાદીએ હાલનો દાવો અલગ અલગ કબજા માટે જરૂરી સરખી વહેંચણી માટે દાવો કરેલ છે.

સદર સાહેદની પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી નથી કે હું સંતરામપુર તાલુકાના દલીચાટી ગામનો વતની છું.એ વાત ખરી નથી કે આ દાવાના પક્ષકારોને ઓળખુ છું.એ વાત ખરી નથી કે પક્ષકારો સાથે મારે કોઈ સંબંધ નથી.હું બટકવાડા ગામે નવાધરા મુકામેનો વતની છું.એ વાતની મને ખબર નથી કે બંને પક્ષકારોના દાદાનું નામ જગજીભાઈ સવજીભાઈ હતુ.એ વાતની મને ખબર નથી કે જગજીભાઈ સવજીભાઈ ડામોરને બાબરીબેન અને લખીબેન નામે બે પત્નીઓ હતી.મને એ પણ ખબર નથી કે બાબરીબેનથી ગેંદાલભાઈ જગજીભાઈ ડામોર નામનો પુત્ર અને જુમલીબેન નામે પુત્રી તેમ બે સંતાનો જન્મેલ હતા.મને એ વાતની પણ ખબર નથી કે લખીબેન તેમની પત્નીથી

શંકરભાઈ તથા મોતીભાઈ એમ બે પુત્રો અને ચંપાબેન નામે પુત્રી એમ ત્રણ સંતાનો જન્મેલ હતા એ વાત ખરી છે કે,પક્ષકારો પોતાના ભાગે પડતી જમીનો ખેડે છે.

**<u>પ્રતિવાદી તરફે પુરાવો:-</u>**

**(૧૦)** પ્રતિવાદીઓ તરફે દાવો પુરવાર કરવા માટે આંક.૮૭ થી પ્રતિવાદી નં.૫ હીરાભાઈ ગેંદાલભાઈ ડામોરે સોંગદ ઉપર પુરાવાની એફીડેવિટ રજુ કરી તેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ એ સદર દાવા કામે રજુ કરેલ જવાબની હકીકતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે.અને વધુમાં જણાવેલ છે કે વાદીએ દાવામાં જણાવેલ હકીકત ખોટી છે.દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કારણ કે દાવાવાળી જમીનોની વહેંચણી જગજીભાઈ સવજીભાઈએ આશરે ૫૦-૬૦ વર્ષ પહેલા કરી દીધેલ છે.વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. પક્ષકારોના વડીલ જગજીભાઈ સવજીભાઈ ડામોરની પુત્રીઓના વારસોને દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. આથી વડીલોપાર્જીત જમીનોની વહેંચણી માટેનો હાલનો દાવો જરૂરી અને આવશ્યક હીત સબંધક પક્ષકારોની ગેરહાજરીમાં ચાલી શકે નહી.દાવાવાળી જમીનોના અસ્તિત્વ અંગે તકરાર નથી.સદર જમીનો માત્ર રેકર્ડે સંયુકત નામે ચાલે છે અને વગડે ભાઈઓ ભાગ મુજબ થયેલ વહેંચણી મુજબ અલગ અલગ આવેલ છે પરંતુ વાદીના જણાવ્યા મુજબ દાવાવાળી જમીનના ત્રણ સરખા હીસ્સા નહી પણ બે હીસ્સા આવેલા છે.ખરી હકીકત એ છે કે પક્ષકારોના પુર્વજ જગજીભાઈ સવજીભાઈને બાબરીબેન અને લખીબેન નામે બે પત્નીઓ હતી.જેમાં પ્રથમ પત્ની બાબરીબેનથી ગેંદાલભાઈ પુત્ર અને ઝુમલીબેન પુત્રી એમ બે સંતાનો હતા અને બીજી પત્ની લખીબેનથી મોતી ભાઈ પુત્ર અને ચંપાબેન પુત્રી તથા શંકરભાઈ પુત્ર એમ ત્રણ સંતાનો થયેલા.દાવાવાળી જમીનો માટે જગજીભાઈ સવજીભાઈના વારસો વચ્ચે વિવાદ ન સર્જાય નહી તે માટે જગજીભાઈ સવજી ભાઈના વારસો વચ્ચે તેમની હયાતીમાં તેમની બંને પત્નીઓને સરખે હીસ્સે દાવાવાળી જમીનોના સરસ નરસ મુજબ બે ભાગ પાડી આપેલા.જેમાં અડધા ભાગનો કબજો પ્રથમ પત્ની બાબરીબેનના પુત્ર ગેંદાલભાઈ જગજીભાઈને સોંપેલો અને બાકીનો અડધા ભાગનો કબજો બીજી પત્ની લખીબેન અને તેમના પુત્રો મોતીભાઈ તેમજ શંકરભાઈને સોંપેલો.આમ,દાવાવાળી જમીનોનું વિભાજન આશરે ૫૦-૬૦ વર્ષ ઉપર થયેલુ છે અને તે મુજબ દરેકે પોત પોતાના ભાગે આવેલ જમીન ખોદાવી સમતલ કરી ફળદ્રુપ બનાવેલ અને પોત તોના ભાગની જમીનમાં અલગ અલગ મકાનો પણ બનાવેલ છે.આથી આવી પોત પોતાના ભાગે આવેલ અને ડેવલોપ કરેલ જમીનો આટલા લાંબા સમય બાદ ફેર વહેંચણી કરવા માટે વાદીની દાદ ગ્રાહય રાખવા પાત્ર નથી.

પ્રતિવાદીની વાદીના વિ.વકીલશ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,હું પોલીસ ખાતામાં પી.આઈ.ના હોદદા પર નોકરી કરતો હતો અને ત્રણ વર્ષથી નિવૃત્ત થયેલ છું. એ વાત ખરી છે કે કાયદાની સમજ છે મને આંક.૪૪ ની નોંધ નં.૧૪૫ બતાવવતામાં આવતા તેમાં ગેંદાલભાઈ જગજીભાઈ તથા મોતીભાઈ જગજીભાઈ અને શકરાભાઈ જગજીભાઈ એમ કુલ્લ ત્રણ ઈસમોના નામ છે.એ વાત ખરી છે કે ચંપાબેન અને જુમલીબેન મારા ફોઈ થતા હતા.એ વાત ખરી છે કે,ચંપાબેનને ડુંગર ગામે પરણાવેલ હતા જેઓ ગુજરી ગયેલ છે.

એ વાત ખરી છે કે જુમલીબેન સીમલીયા ગામે પરણાવેલ હતા અને તેઓ પણ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે મારા પિતા ગેંદાલભાઈ જગજીભાઈએ સંતરામપુર કોર્ટમાં દીવાની મુકદમા નં. ૩૩/૨૦૦૩ થી દાવો દાખલ કરેલ છે.એવાત ખરી છે કે સદરહું દાવા નં.૩૩/૦૩ માં વાદી તરીકે ગેંદાલભાઈ,મોતીભાઈ અને શકરાભાઈ આ ત્રણ નામો દર્શાવેલા છે.એ વાત ખરી છે કે સદર દાવા ના ક્રોસમાં ૨૪/૦૩ નો દાવો માવજીભાઈ ધીરજીભાઈએ મારા પિતા ગેંદાલભાઈ જગજીભાઈ હાલના વાદી શકરાભાઈ જગજીભાઈ અને પ્રતિવાદી મોતીભાઈ જગજીભાઈ સામે કરેલો છે.મારા પિતાના નામે કેટલા સરવે નંબરો આવેલ છે તે હાલ યાદ નથી.એ વાત ખરી નથી કે હાલના દાવાવાળી મિલ્કતમાં જણાવેલ સરવે નંબરમાં ત્રણ ભાગ પડેલ છે.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે ભાગ પડેલ છે.એ વાત ખરી છે કે દાવા નં.૩૩/૦૩ વાળી જમીનમાં વાદીઓ અને પ્રા.વાદી ઓનો સંયુકત હકક-હીસ્સો આવેલ છે.એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડે હાલના દાવાવાળી જમીનો માં કોઈ વહેંચણીની નોંધ પડેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સ્થળ ઉપર વહેંચણી થયેલી છે.એ વાત ખરી નથી કે પક્ષકારો વચ્ચે દાવાવાળી જમીનની સ્થળ ઉપર કોઈ વહેંચણી થયેલ નથી પરંતુ પક્ષકારો અરસ નરસ ખેડે છે.એ વાત ખરી છે કે મારા પિતા ગુજરી ગયેલ છે અને જેની વારસાઈ નોંધ નં.૧૮૦૦ રેવન્યુ રેકર્ડમાં પડેલી છેઅને માર્ક-૩/૭ થી રજુ કરેલ જેમાં આ કામે આંક.૪૬ થીરજુ છે.એ વાત ખરી નથી કે મે જે જવાબમાં પેઢીનામું બતાવેલ છે તથા મે જે આંક.૯૧ નું પેઢીનામું બતાવેલ છે તે બંને પઢીનામાઓ વચ્ચે તફાવત છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંક -૯૧વાળા પેઢીનામામાં ઉમેરો કરેલો છે.એ વાત ખરી છે કે વારસાઈ નોંધ નં.૧૮૦૦ પડાવેલ તેમાં દર્શાવેલ પેઢીનામું તેમજ આજરોજ આંક.૯૧ થી રજુ થયેલ પેઢીનામા વચ્ચે તફાવત છે.એ વાત ખરી નથી કે દાવાવાળી મિલ્કતની ત્રણ હીસ્સે વહેંચણી થયેલ હોવા છતાં રેવન્યુ રેકર્ડે કોઈ નોંધ ન પડેલ હોવાથી સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રીત રીવાજ અને પરંપરા મુજબ મારા દાદા જગજીભાઈ સવજીભાઈને બે પત્નીઓ બાબરીબેન અને લખીબેન હતી તે બંને પત્નીઓને બે સરખે હીસ્સે વહેંચણી કરી આપેલી.

**(૧૧)** પ્રતિવાદીના સાહેદ,કાળુભાઈ માનજીભાઈ ડામોરને આંક.૯૨ થી સોંગદ ઉપર પુરાવાની એફીડેવિટ રજુ કરી તેઓએ પ્રતિવાદીના જવાબ તથા જુબાનીને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે.તેઓ દાવાના પક્ષકારોને ઓળખે છે અને દાવાવાળી જમીનો તેઓએ જોયેલ છે. પક્ષકારો બટકવાડા ગામના નવાઘરા ફળીયામાં રહે છે.અને તેઓ પણ ત્યાં રહે છે.દાવાવાળી જમીનના કબજા વિષે તથા પક્ષકારોના પેઢીનામા સંબંધે મને જાત માહીતી છે.દાવાવાળી જમીન ના મુળ માલિક પક્ષકારોના વડીલ/પુર્વજ જગજી સવજી ડામોર હતા.તેઓને બે પત્નીઓ નામે બાબરીબેન અને લખીબેન હતી.પ્રથમ પત્ની બાબરીબેનથી ગેંદાલભાઈ નામે એક પુત્ર અને ઝુમલીબેન નામે એક પુત્રી એમ બે સંતાનો થયેલા.બીજી પત્ની લખીબેનથી મોતીભાઈ અને શકરા ભાઈ નામે બે પુત્રો અને ચંપાબેન નામે પુત્રી એમ ત્રણ સંતાનો થયેલા.દાવાના પક્ષકારોના વડીલ જગજી સવજી ડામોરની દાવાવાળી જમીનની વહેંચણી તેમની બે પત્નીઓ બાબરીબેન અને લખી બેન વચ્ચે બે સરખા ભાગે ઘણા વર્ષો પહેલા કરવામાં આવેલ છે એટલે કે દાવાવાળી જમીનોમાં

અડધો ભાગ જગજી સવજી પ્રથમ પત્ની બાબરીબેનના ભાગે આવેલ અને અડધો ભાગ જગજી સવજીની બીજી પત્ની લખીબેનના ભાગે આવેલ છે.આ રીતે પક્ષકારોના વડીલ જગજી સવજી ની જમીનોના ત્રણ નહી પણ બે પત્નીઓ મુજબ બે ભાગ પડેલા છે.વધુમાં સાહેદ જણાવે છે કે આંક.૯૧ વાળુ પેઢીનામું પારસીંગભાઈ,બદજીભાઈ ડામોર,કાળુભાઈ માનજીભાઈ ડામોર,સરદાર નાનજી ડામોર,મહેન્દ્ર વીરા ડામોર,મખાભાઈ ભલજીભાઈ ડામોરએ લખાવેલ અને જે તલાટી સમક્ષ લખાવેલુ.પેઢીનામામાં અનુ.નં.૨ માં મારી સહી છે જે ઓળખુ છું.તે પેઢીનામામાં સીકકા ઉપર મછાર સાહેબની સહી છે.સદર પેઢીનામામાં બતાવેલ તમામ વારસો સાચા છે.

આ સાહેદની વાદીઓના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી છ કે બટકવાડા ગામે સર્વે નં.૪૦૭ અને ૪૦૮ થી મારે ખેતીની જમીન આવેલી છે.એ વાત ખરી છે કે મારા પિતા માનજીભાઈ ડામોર ગુજરી ગયેલા છે.એ વાત ખરી છે કે મારી માતા સને–૧૯૯૦ માં તથા મારા પિતા સને–૨૦૦૧ માં ગુજરી ગયેલ છે.એ વાત ખરી છે કે આંક.૯૧ વાળુ પેઢીનામું બતાવવામાં આવે છે જે પેઢીનામું તલાટી રૂબરૂ પ્રતિવાદી એ લખાવેલુ અને મે તેમાં પંચ તરીકે સહી કરેલ જે સહી ઓળખી બતાવુ છું.

**(૧૨)** પ્રતિવાદીના સાહેદ,પારસીંગભાઈ બદજીભાઈ ડામોર આંક.૯૬ થી સોંગદ ઉપર પુરાવાની એફીડેવિટ રજુ કરી તેઓએ પ્રતિવાદીના જવાબ તથા જુબાનીને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે.તેઓ દાવાના પક્ષકારોને ઓળખે છે કારણ કે લોહીનો સંબંધ ધરાવતા કુંટુંબીઓ છીએ અને દાવાવાળી જમીનો તેઓએ જોયેલ છે. પક્ષકારો બટકવાડા ગામના નવાઘરા ફળીયામાં રહે છે.અને તેઓ પણ ત્યાં રહે છે.દાવાવાળી જમીનના કબજા વિષે તથા પક્ષકારોના પેઢીનામા સંબંધે મને જાત માહીતી છે.દાવાવાળી જમીન ના મુળ માલિક પક્ષકારોના વડીલ/પુર્વજ જગજી સવજી ડામોર હતા.તેઓને બે પત્નીઓ નામે બાબરીબેન અને લખીબેન હતી.પ્રથમ પત્ની બાબરીબેનથી ગેંદાલભાઈ નામે એક પુત્ર અને ઝુમલીબેન નામે એક પુત્રી એમ બે સંતાનો થયેલા. બીજી પત્ની લખીબેનથી મોતીભાઈ અને શકરાભાઈ નામે બે પુત્રો અને ચંપાબેન નામે પુત્રી એમ ત્રણ સંતાનો થયેલા.દાવાના પક્ષકારોના વડીલ જગજી સવજી ડામોરની દાવાવાળી જમીનની વહેંચણી તેમની બે પત્નીઓ બાબરીબેન અને લખીબેન વચ્ચે બે સરખા ભાગે ઘણા વર્ષો પહેલા કરવામાં આવેલ છે એટલે કે દાવાવાળી જમીનોમાં અડધો ભાગ જગજી સવજી પ્રથમ પત્ની બાબરીબેનના ભાગે આવેલ અને અડધો ભાગ જગજી સવજીની બીજી પત્ની લખીબેનના ભાગે આવેલ છે.આ રીતે પક્ષકારોના વડીલ જગજી સવજીની જમીનોના ત્રણ નહી પણ બે પત્નીઓ મુજબ બે ભાગ પડેલા છે.વધુમાં સાહેદ જણાવે છે કે,આંક.૯૧ વાળુ પેઢીનામું પારસીંગભાઈ, બદજીભાઈ ડામોર,કાળુભાઈ માનજીભાઈ ડામોર,સરદાર નાનજી ડામોર,મહેન્દ્ર વીરા ડામોર, મખાભાઈ ભલજીભાઈ ડામોરએ લખાવેલ અને જે તલાટી સમક્ષ લખાવેલુ.

આ સાહેદની વાદીઓના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે હાલ હું મારા વતનમાં ખેતી કરૂ છું.મારે સરવે નં.૩૮૨,૩૮૩,૭૦૭ નંબરવાળી જમીનો આવેલી છે.મે સ્થળ ઉપર સ.નં.૩૬૮/૨,૩૬૯,૫૦૫,૭૦૩ સરવે નંબરવાળી જમીનો

આવેલી છે અને તેની હદપાળી મે જોયેલ છે.શકરાભભાઈના વારસોમાં દેવજી શકરા,મગન શકરા બીજા એક ભાઈનું નામ ખબર નથી,ગેંદાલ જગજી વારસોમાં નાજી ગેંદાલ,પરથીંગ ગેંદાલ, લાલજી ગેંદાલ,ભુરા ગેંદાલ,હીરા ગેંદાલ,રાયસીગ ગેંદાલ છે.એ વાત ખરી નથી કે શકરા જગજી અડધી જમીન ખેડે છે અને નાનજી ગેંદાલ અડધી જમીન ખેડે છે.એ વાત ખરી નથી કે હું સ્થળ ઉપર બે ભાગ પડેલ હોવા છતાં ખોટી જુબાની આપુ છું.

**<u>મુદા નં.૧–૨–૪–૫–૬ની ચર્ચા:–</u>**

**(૧૩)** ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય ઉપરોકત તમામ મુદાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓના પક્ષનિવેદનો મુજબ વાદીઓ તથા પ્રતિવાદીઓ આ કામે દાવાવાળી જમીનો વાદીઓ તથા પ્રતિવાદીઓના પુર્વજની મિલ્કત છે વધુમાં વાદગ્રસ્ત જમીનો વાદીઓના કથન મુજબ વાદીઓ,પ્રતિવાદીઓના વડીલની છે.દાવાવાળી જમીન રેકર્ડ જેવા કે ગામ નમુના નં.૭/૧૨ તેમજ રજુ કરેલ રેવન્યુ નોંધો જોતા વાદગ્રસ્ત જમીનમા વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત નામે ચાલી આવે છે.વાદીઓના કથન મુજબ વાદગ્રસ્ત જમીન સંયુકત રીતે ખેતી કરે છે અને વાદગ્રસ્ત જમીનોમાં વાદીને ૧/૩ સરખે ભાગે કરી આપવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે.આ કામના પ્રતિવાદીઓ ધ્વારા વાદગ્રસ્ત જમીનો વડીલોપાર્જીત જમીનો છે તે બાબતે તકરાર નથી તે તેઓએ સ્વયં સ્વીકાર કરે છે સ્વીકૃતિ તે મહત્વની અને નિર્ણાયક છે.પરંતુ આ કામના પ્રતિવાદીઓનું કથન એવુ છે કે,વાદગ્રસ્ત જમીનો રેવન્યુ રેકર્ડ માં સંયુકત નામે ચાલે છે વગડે વહેચણી થઈ ગયેલ છે અને વહેંચણી મુજબ અલગ અલગ જમીનો આવેલ છે.પ્રતિવાદીઓના કથન મુજબ વાદગ્રસ્ત મિલ્કત ૬૦–૭૦ વર્ષ પહેલા વહેંચણી થયેલ છે પરંતુ વાદગ્રસ્ત જમીનોની સ્થળ ઉપર વહેંચણી થયેલ હોય તેવુ પુરવાર કરવા માટે પ્રતિવાદીઓ તરફે કોઈ જ આધારભુત પુરાવો રજુ થયેલ નથી.વહેંચણી થઈ ગયેલ હોય અને તે મુજબ જમીનો ખેડતા હોય અને તે મુજબ કરવેરા ભરતા હોય તેઓ વાદગ્રસ્ત જમીનો ઉપર કુવો આવેલ હોય કે વીજ કનેકશનનું બીલ તેઓ ભરતા હોય કે જેઓની સમક્ષ ભાગલા પડેલ હોય તેવા કોઈ સાક્ષીને તપાસેલ હોય તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી.વધુમાં વાદગ્રસ્ત જમીનોની વહેંચણી થયેલ હોય તો તેનો કોઈ વહેંચણી લેખ કે કરાર રજુ થયેલ નથી.**રજીસ્ટ્રેશન એકટની કલમ.૧૭ તથા ટાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ.૫૪ મુજબ રૂા.૧૦૦/–કરતા વધારા રકમની સ્થાવર મિલ્કત કોઈનો કોઈપણ રીતે અધિકાર ઉભો થતો હોય,નષ્ટ થતો હોય કે અન્ય કોઈ રીતે મિલ્કતનું હસ્તાતંરણ થતુ હોય તો તેની ફરજીયાત નોંધણી કરાવવી જોઈએ.**પક્ષકારો વચ્ચે કોઈપણ જાતનુ લખાણ થયેલ હોય કે પંચો રૂબરૂ લખાણ થયેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી કે વાદગ્રસ્ત જમીનો ઉપર વાદીઓ પ્રતિવાદીઓ પોત

પોતાના હીસ્સો ખેડતા હોય તે બાબતનો કોઈ લીગલ ડોક્યુમેન્ટ રજુ થયેલ નથી કે શેઢા પાડોશીઓ,ખેતર પાડોશીઓનો કોઈ પુરાવો રજુ રાખેલ નથી જેથી વાદગ્રસ્ત જમીનોની વહેંચણી ૬૦-૭૦ વર્ષ પુર્વે થયેલ હોય તેવુ પુરવાર થતુ નથી.આ કામના પક્ષકારો આદીવાસી સમાજના છે અને આદીવાસી સમાજમાં રૂઢિ અને રીવાજ પ્રમાણે જેટલી પત્નીઓ હોય તે મુજબ જમીનોના ભાગ પડે તેવુ પ્રતિવાદીઓનું કથન છે પરંતુ આદીવાસી સમાજમાં આ રીતી,રૂઢિ અને રીવાજ હોય જેટલી પત્નીઓ હોય તેટલા જમીનના ભાગલા પડે તેવુ આ કામના પ્રતિવાદીઓ જણાવે છે પરંતુ આ રૂઢિ અને રીવાજ કેટલા પુરાણા છે અને કયારથી અસ્તિત્વમાં સતત ચાલી આવે છે નીતી મત્તા વિરૂઘ્ધના નથી,ગેરકાયદેસર અને ગેરવ્યાજબી નથી તે દર્શાવવા માટે પ્રતિવાદીપક્ષે કોઈ જ આધાર ભુત પુરાવો રજુ કરેલ નથી.સમાજના આગેવાનો કે પંચો કે સમાજના પ્રમુખ કે વડીલો વડીલો મારફતે આ હકીકત પુરવાર કરવા માટે કોઈ જ પુરાવો રજુ કરેલ નથી.આ કામના પ્રતિવાદીઓની દલીલ છે કે આ કામના વાદીઓ ઘ્વારા રામલીબેન મોતીભાઈ તથા ગંગાબેન શકરાભાઈનાઓને દાવાના કામે પક્ષકાર તરીકે દાખલ કરેલ નથી તેથી વાદીઓના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરીઝ પાર્ટીઝનો બાધ નડે છે જયારે વાદીઓનું કથન મુજબ રામલીબેન મોતીભાઈ ગુજરી ગયેલ હોવાની નોંધ દાવા અરજીમાં કરેલ છે.તેમજ આ કામના વાદી તરફે પ્રા.વાદીની આંક.૮૭ ની ઉલટ તપાસ પરની સ્વીકૃતિ જોતા ચંપાબેન તથા જુમલીબેન તેઓના ફોઈ થતા હતા અને બંને ગુજરી ગયેલ છે તેઓના કોઈ વારસો હયાત હોય અને તેઓને દાવાના કામે જોડેલ ન હોય તેવો કોઈ પુરાવો અદાલતના રેકર્ડ પર રજુ રાખેલ નથી.ગંગાબેન શકરાભાઈ વાદીઓની માતા સને-૧૯૬૨ માં ગુજરી ગયેલ હોવાનું પોતાની દલીલમાં જણાવેલ છે જે હકીકત ને પ્રતિવાદી તરફે પડકારેલ નથી. જેથી વાદીઓના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો કે અન્ય કોઈ બાધ નડતો નથી.આ કામના વાદીઓ ઘ્વારા આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનોમાં ખેતી કરતા ન હોવાનું જણાવે છે તેમજ તા.૦૧/૦૪/૨૦૧૧ ના રોજ કોઈ લાગભાગ નથી તેવી ધમકી આપતા દાવો દાખલ કરેલાનું જણાવેલ છે તે જોતા વાદીઓન દાવો કરવાનું કારણ સને-૨૦૧૧માં ઉત્પન્ન થયેલ હોવાનું જણાવેલ છે.જેથી સદર દાવાને સમય મર્યાદાનો બાધ નડતો ન હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે.આ કામે પક્ષકારો એકજ વડીલના વારસો હોય રેવન્યુ રેકર્ડ આધારે બંને પક્ષકારોના વડીલની સંયુકત માલીકીની જમીન છે તે નિર્વિવાદ હકીકત હોઈ અને ઉપરોકત જમીનોના સ્થળ ઉપર કોઈ ભાગલા પડેલ હોય તેવો કોઈ પુરાવો આવેલ ન હોય અને પ્રતિવાદીઓ ઘ્વારા આદીવાસી સમાજમાં જેટલી પત્નીઓ હોય તે પ્રમાણે જમીનના ભાગ પડે તે હકીકત પુરવાર કરવા માટે કોઈ મજબુત અને ઠોસ પુરાવો રજુ કરેલ નથી પરંતુ આદીવાસી સમાજમાં બહુપત્નીત્વનો રીવાજ અમલમાં છે તે જોતા પક્ષકારો બંને એકજ વડીલ ના સંતાનો હોઈ અને તે તમામનું દાવાવાળી જમીનોમાં સરખો હીસ્સો છે જેથી આંક.૯૧ થી રજુ થયેલ પેઢીનામામાં જણાવેલ તમામ વારસોનો વાદગ્રસ્ત જમીનોમાં સરખો હીસ્સો છે જેથી ઉપરોકત મુદા નં.૧ હકારમાં મુદા નં.૨-૩-૪-૫ અને ૬ નો જવાબ પણ હકારમાં ઠરાવી મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

૧. વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ ને દાવાવાળી મિલ્કતો સ.નં.૩૬૮/૨,૩૬૯,૫૦૫ ૭૦૩ વાળી જમીનોમાં ૧/૩ હીસ્સો હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. દાવાવાળી મીલ્કતો મહેસુલને પાત્ર હોય, દિવાની કાર્યરીતી સહિતના હુકમ–૨૦, નિયમ – ૧૮ તથા કલમ–૫૪ સાથે વાંચતાં કલેકટરશ્રી–મહીસાગર એટ લુણાવાડાનાઓને અગર તેઓ નકકી કરે તેઓને પક્ષકારોનો દાવામાં ઠરાવ્યા મુજબનો હીસ્સો નકકી કરી, અલગ પાડી સોંપણી કરવા કમીશ્નર તરીકે નીમણુંક કરવા હુકમ કરવામાં આવે છે.

૪. વાદી પક્ષે કમીશન ખર્ચની રકમની ફી પેટે પ્રથમ તબકકે રૂ.૫૦૦૦/–એકં રૂપિયા પાંચ હજાર પુરા જમા કરાવેથી કલેકટરશ્રી મહીસાગર એટ લુણાવાડાનાઓના નામનુ કમીશન પત્ર ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે.

૫. આ દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવાવનો રહેશે.

૬. હુકમ મુજબ પ્રાથમીક હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ.૦૬ ઠી માહે **નવેમ્બર** સને **૨૦૧૯** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : સંતરામપુર.**
**તારીખ :૦૬/૧૧/૨૦૧૯**

**(કુ.શબાના અબ્દુલ્લ કાદર મન્સુરી)**
**GJ0 01024**
એડીશ્નલ સીવીલ જજ
સંતરામપુર.